# Knowledge Consortium of Gujarat
Department of Education, Government of Gujarat


ક્રમાંક:કેસીજી/MYSY/૨૦૨૫-૨૬/535 તા.૨૮/૦૮/૨૦૨૫

પ્રતિ,
વાઈસ ચાન્સેલરશ્રી,
તમામ યુનિવર્સિટી,
ગુજરાત રાજ્ય.

**વિષય:** રાજ્યની યુનિવર્સિટીઓમાં સ્વનિર્ભર અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)" શિષ્યવૃત્તિ અંગે લાભ મેળવવા જાણકારી આપવા બાબત.

માન. સાહેબશ્રી,

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે આર્થિક સહાય આપવા મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) વર્ષ ૨૦૧૫ થી શરૂ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત લાભ મેળવવા માટે **પાત્રતાના ધોરણો** નીચે મુજબ છે.

- **ફ્રેશ (પ્રથમ વર્ષના) વિદ્યાર્થીઓ માટે:**
  1. ધોરણ-૧૦ની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી નિયત ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ,
  2. ડિપ્લોમા અભ્યાસક્રમની પરીક્ષામાં ૬૫ કે તેથી વધુ ટકા સાથે પાસ કરી ડીગ્રી(સ્નાતક) કક્ષાના અભ્યાસક્રમનાં પ્રથમ/બીજા વર્ષમાં પ્રવેશ મેળવનાર ડી-ટુ-ડીના વિદ્યાર્થીઓ,
  3. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ અથવા સામાન્ય પ્રવાહની પરીક્ષામાં ૮૦ કે તેથી વધુ પર્સેન્ટાઈલ મેળવી નિયત સ્નાતક અભ્યાસક્રમમાં પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ,
  4. રૂ. ૬ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવનાર વાલીઓના સંતાનો.

- **રીન્યુઅલ (બીજા, ત્રીજા કે ચોથા વર્ષના) વિદ્યાર્થીઓ માટે:**
  1. ફ્રેશ વિદ્યાર્થી તરીકે લાભ મેળવ્યા બાદ રિન્યુઅલ સહાય મેળવવા માટે અગાઉ જે વર્ષે શિષ્યવૃત્તિ મળી હોય તે વર્ષમાં ઓછામાં ઓછા ૫૦% સાથે ઉત્તીર્ણ થવાનું રહેશે.
  2. જે તે શૈક્ષણિક સંસ્થાના નીતિ નિયમો પ્રમાણે જે તે શૈક્ષણિક વર્ષમાં **ઓછામાં ઓછી ૭૫% હાજરી** હોવી જરૂરી રહેશે. જે અંગે સંસ્થાનું પ્રમાણપત્ર આપવાનું રહેશે. (પ્રમાણપત્રનું ફોર્મેટ વેબસાઈટ પર ઉપલબ્ધ છે).
  3. રૂ. ૬ લાખ સુધીની કૌટુંબિક વાર્ષિક આવક ધરાવનાર વાલીઓના સંતાનો.

રાજ્યની યુનિવર્સિટીઓમાં સ્વનિર્ભર સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને "મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY)" અંતર્ગત નીચે મુજબ સહાય મળવાપાત્ર છે.

i. **ટ્યુશન ફી સહાય-** માત્ર સ્વનિર્ભર અભ્યાસક્રમો માટે મળવાપત્ર,

ii. **રહેવા જમવાની સહાય-** સરકારી અને અનુદાનિત હોસ્ટેલ સિવાયની ખાનગી હોસ્ટેલમાં રહેતા હોય તેવા વિદ્યાર્થીઓને મળવાપાત્ર,

iii. **સાધન- પુસ્તક સહાય-** સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર મેડીકલ, ટેકનિકલ અને ડીપ્લોમા અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા પ્રથમ વર્ષે મળવાપાત્ર.

આપની યુનિવર્સિટી તથા યુનિવર્સિટી સંલગ્ન કોલેજો ખાતે અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માહિતગાર થાય અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ યોજનાનો લાભ લઇ શકે તે માટે આપની યુનિવર્સિટી ખાતે તેમજ સંલગ્ન કોલેજો ખાતે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) ની બહોળી પ્રસિદ્ધિ થાય તે માટે આ સાથે સામેલ જાહેરાત નોટીસ બોર્ડ પર મુકાવવા વિનંતી. વધુમાં આપની યુનિવર્સિટીની તેમજ સંલગ્ન લાગુ પડતી કોલેજોની વેબસાઈટ પર આ જાહેરાત પ્રસિદ્ધ કરવા અનુરોધ છે. ઉક્ત બાબતે આપના સ્તરે સત્વરે પગલાં લેવા વિનંતી છે.

જોઈન્ટ સી.ઈ.ઓ
(એકાઉન્ટ & એડમીન)
કેસીજી, અમદાવાદ

**બિડાણ:** મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના (MYSY) ની જાહેરાત